ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

મહીસાગર કલેક્ટરને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજદારે એટ્રોસિટી કરવાની ધમકી આપી !

મહીસાગર કલેક્ટર અને ધારાસભ્ય આમને સામને

લુણાવાડા તાલુકા સ્વાગત કાર્યક્રમ દરમિયાન અરજદાર અને કલેક્ટર વચ્ચે થયેલી વાતચીતનો વિડીયો વાયરલ થયાં બાદ વિવાદ સર્જાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.30

મહીસાગર કલેક્ટરની હાજરીમાં લુણાવાડા તાલુકા સ્વાગત કાર્યક્રમ દરમિયાન અરજદાર અને કલેક્ટર થયેલી વાતચીતનો વિડીયો વાયરલ થયાં બાદ વિવાદ સર્જાયો છે. આ વિડીયોમાં કલેક્ટરે એટ્રોસિટીની ફરિયાદોમાં કેટલીક ખોટી હોવાની વાતચીત કરતાં સંભળાય છે. જેના પગલે હોબાળો મચ્યો છે. આ મુદ્દે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ બુધવારના રોજ દેખાવ યોજી કલેક્ટરને સસ્પેન્ડ કરવાની માગણી કરી છે. જોકે, કલેક્ટર નેહાકુમારીએ આક્ષેપો ફગાવ્યાં છે અને અરજદારે એટ્રોસિટી કલમ હેઠળ ગુનો નોંધવાની ધમકી આપી હોવાનું જણાવ્યું હતું.

લુણાવાડા ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલેક્ટર નેહાકુમારી અધ્યક્ષ સ્થાને હાજર રહ્યાં હતાં. આ સમયે અરજદાર વિજય પરમારે પોતાની અરજી અનુસંધાને પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવા માગી કરી હતી. જેમાં કલેક્ટરે ગુનો નોંધવાની કામગીરી પોલીસની હોવાનું જણાવતાં બન્ને વચ્ચે શાબ્દીક ટપાટપી થઇ હતી. જેનો વિડીયો વાયરલ થયો હતો. આ વિડીયો વાયરલ થયાં બાદ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જ્ઞાતિવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે, કલેક્ટરે એટ્રોસિટીની 90 ટકા ફરિયાદ ખોટી હોય છે, તેવું નિવેદન આપ્યું છે. આ અંગે બુધવારના રોજ વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની અધ્યક્ષતામાં વિરોધ પ્રદર્શન યોજાયો હતો. જેમાં લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, પૂર્વ સાંસદ પ્રભાબહેન તાવિયાડ સહિતના નેતા જોડાયાં હતાં. આ કાર્યક્રમમાં લુણાવાડાના ઈન્દિરા મેદાનથી સૂત્રોચ્ચાર કરી રેલી યોજી જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી પહોંચી એસપીને રજૂઆત કરવામાં આવી હતી. આ રેલી દરમિયાન કલેક્ટરને સસ્પેન્ડ કરવાના નારા લગાવ્યાં હતાં. આ ઉપરાંત તેમની વિરૂદ્ધ ગુનો નોંધવા માગણી કરી હતી. આ કાર્યક્રમમાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

તસવીરઃ હરિશ ઝાલા

મહીસાગર કલેક્ટર નહેકુમારી અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી વચ્ચે સર્જાયેલા વિવાદમાં કલેક્ટરે તમામ આક્ષેપો ફગાવતાં જણાવ્યું હતું કે, અરજદાર વિજય પરમાર અવાર નવાર વિવિધ કચેરીઓની ફરિયાદો લઇને આવતાં હોય છે અને તેમને સાંભળવામાં આવે છે. તેમાંય 23મીએ યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં વિજય પરમારે પોલીસ કર્મચારી અને અધિકારીઓ વિરોધ ફરિયાદ દાખલ કરવા માટે દબાણ કરતાં હતાં. તેમને શાંતિપૂર્વક જણાવ્યું હતું કે, ફરિયાદ દાખલ કરવાની સત્તા અમારી પાસે નથી. તમે તેના માટે પોલીસ વડાને મળો. આમ છતાં સંતોષ ન થાય તો કોર્ટમાં તમે ફરિયાદ દાખલ કરી શકો છો. તેઓ વારંવાર દબાણ કરતાં અને અધિકારીઓ સાથે ઉદ્ધતાઇ ભર્યું વર્તન કરતાં હતાં. આ ઉપરાંત અધિકારીઓ વચ્ચે એવું બોલી ગયા કે, હું બધાને જોઇ લઇશ. આ ઉપરાંત નેહાકુમારી દુબે તું તો બ્રાહ્મણ છે. તને તો હું એટ્રોસિટીની સેકશન 4 શું છે ? તે હું બતાવી દઇશ. હું વકીલ પણ છું અને પત્રકાર પણ છું. મારા ઘણા મિત્રો પત્રકાર છે અને વકિલ છે. તમારી ઓફિસ સામે બેસાડી દઇશ. તમને ખબર પડશે કે હું કોણ છું ?

આ ઉપરાંત મહીસાગર જિલ્લામાં તકેદારી સમિતિની મિટિંગ મળતી નથી. તે આક્ષેપોને નિરાધાર ગણાવતા કલેક્ટરે જણાવ્યુ હતું કે, ડિસેમ્બર 2023થી સપ્ટેમ્બર 2024 સુધીમાં ચાર ત્રિમાસિક મીટીંગ મળી છે. એમાં 14 જેટલા બનાવમાં સહાય ચૂકવવામાં આવી છે. આ બેઠક મળતી નથી, તદ્દન વાત ખોટી છે.

અરજદાર સામે દૂષ્કર્મ સહિતના ગુના નોંધાયા છે

કલેક્ટર નેહાકુમારીએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય જીગ્નેશ મેવાણી જે વ્યક્તિને માસુમ બતાવી રહ્યાં છે, તેની સામે અનેક ગુના નોંધાયેલા છે. આ અરજદાર વિજય પરમાર અને તેનો ભાઇ પંકજ પરમાર સામે દૂષ્કર્મ, અપહરણ તેમજ મારામારી જેવા ગંભીર ગુના નોંધાયેલાં છે. રાજ્ય સરકાર નાની બાળકીને અને મહિલાને લઇને સંવેદનશીલ છે. તેવા સમયે ગુનાહિત ઇતિહાસ ધરાવતા વ્યક્તિને ધારાસભ્ય સાથે રાખીને કાયદા અને વ્યવસ્થાને કઇ દિશામાં લઇ જવા માંગે છે ? ધારાસભ્ય આવા ખોટા વકીલ અને પત્રકારને સાથે રાખી સમગ્ર પત્રકાર અને વકીલની સાથે તુલના કરે છે. વિજય પરમાર દ્વારા સરકારી કર્મચારીઓને એટ્રોસિટી કાયદાના નામે જે રીતે બ્લેકમેઇલ કરવામાં આવે છે, તે બિલકુલ યોગ્ય નથી. ધારાસભ્ય દ્વારા આવા લોકોને સમર્થન આપવામાં આવે છે. એનાથી જે સાચા ફરિયાદીઓ છે, જે અસલમાં પીડિત છે જાતિવાદી ઝહેરથી પીડિત છે, તેવા લોકોને ન્યાય મળવામાં મુશ્કેલી થાય છે.

ધારાસભ્ય જીગ્નેશ મેવાણી જાતિવાદી આક્ષેપ કરી રાજનીતિ કરી રહ્યા છે

મહીસાગર કલેક્ટર નેહાકુમારીએ જણાવ્યું હતું કે, આ એક પોલિટિકલ સ્ટંટ ઊભો કરાયો છે. જે સફળ નહીં થાય. ધારાસભ્ય જાણી જોઇને મારું નામ નેહાકુમારી હોવા છતાં નેહાકુમારી દુબેનો ઉલ્લેખ કરે છે. જેથી મારી જાતિ બાબત બધાને ખબર પડે અને સામાજિક દ્વેષ ઉતપન્ન થાય. હું જાતિવાદમાં માનતી નથી એટલે મે મારી જાતિ રેકર્ડ પર રાખી નથી. મારી જાતિ ક્યાંય પણ ઓફિશિયલ રેકોર્ડ પર નથી. આમ છતાં તેનો ઉલ્લેખ કરી તેઓ મારી સરનેમ બોલી જાતિવાદને ઉત્તેજન આપી રહ્યા છે. હું દરેક જાતિનું સન્માન કરું છું. ખાસ કરીને સમાજના અસુરક્ષિત લોકો માટે સતત સંવેદનશીલ રહી કાર્યરત છું.

આખરે વિવાદ ક્યાં સર્જાયો ?

લુણાવાડા મામલતદાર કચેરીમાં 23મી ઓક્ટોબરના રોજ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રશ્ન નં.5માં અરજદાર પરમાર વિજયકુમાર ગલાભાઈ (રહે. ચારણગામ, લુણાવાડા) હાજર રહ્યાં હતાં. તેઓના તાલુકા સ્વાગતના પોલીસ વિભાગ પ્રશ્ન બાબતે વિગતવાર માહિતી મેળવી હતી. આ પ્રશ્ન અન્વયે દિવસ-30માં નિકાલ કરવા જણાવવામાં આવ્યું હતું અને સ્વાગતમાં પ્રશ્નને પેન્ડીંગ રાખવામાં આવ્યો હતો. પરંતુ વિજય પરમાર દ્વારા વારંવાર તાલુકા સ્વાગતની કામગીરીમાં દખલગીરી કરવામાં આવતી હતી. જે માટે કલેક્ટર દ્વારા તેમને વિનયપૂર્વક જણાવવામાં આવ્યું હતું. આમ છતાં અરજદાર દ્વારા મહિલા અધિકારીઓની સામે અસભ્યતાભર્યું વર્તન કરવાનું ચાલુ રાખ્યું હતું. જોકે, સ્વાગત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પણ અરજદારે કલેક્ટર સમક્ષ અસભ્યતાભર્યા વર્તનથી પોતાના પ્રશ્નના નિકાલ બાબતે પુછયું કે, મને બીજાની જેમ આઠ મહિના સુધી કોઇ જવાબ નહીં મળે.

ડાકોરમાં 1લીએ અન્નકૂટની લૂંટ થશે : 80 ગામને નિમંત્રણ

ડાકોર સર્કિટ હાઉસ ખાતે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) ડાકોર તા 30

રાજાધિરાજ ભગવાન રણછોડરાયના ધામ ડાકોરમાં દર વર્ષે દિવાળીના બીજા દિવસે અન્નકૂટ લૂંટવાની પરંપરા છે. જેમાં ડાકોર આસપાસના 80 ગામોના લોકો આ અન્નકૂટ મહોત્સવમાં ઉપસ્થિત રહીને પરંપરાને જાળવી રહ્યા છે. વર્તમાન વર્ષે પણ રણછોડજી મંદિરમાં દિવાળી બાદ નવા વર્ષમાં અન્નકૂટ મહોત્સવ લૂંટવાનો છે. તેના માટે સર્કિટ હાઉસ ડાકોર ખાતે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્નકૂટ મહોત્સવ ને લઈને બુધવારે મિટિંગનું આયોજન થયું હતું.

યાત્રાધામ ડાકોરમાં તારીખ 1 નવેમ્બર 2024ના રોજ શુક્રવારે અન્નકૂટ લૂંટાવાનો છે. તેના માટે 80 ગામના સરપંચો ની મીટીંગ આયોજિત કરવામાં આવી હતી. અન્નકૂટ મહોત્સવની ઉજવણી દરમિયાન પોલીસ પ્રશાસન ખડે પગે રહેશે . કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે બોડી કેમેરા સાથે પોલીસ બંદોબસ્ત કરવામાં આવશે એમ નાયબ પોલીસ અધિક્ષક દ્વારા જણાવવામાં આવ્યું હતું.

151 મણ અન્નકૂટ મહાપ્રસાદ બનાવવા માટે 24 કલાક રસોડું ધમધમે છે

તસવીરઃ મહેશ શાહ

રણછોડરાયજી મંદિર ડાકોરના મેનેજર જગદીશભાઈ દવે જણાવ્યા મુજબ 80 ગામના સરપંચોને આમંત્રણ પાઠવવામાં આવે છે . 151 મણ મહાપ્રસાદ અન્નકૂટ મહાપ્રસાદ બનાવવા માટે 24 કલાક રસોડામાં કામગીરી ચાલે છે.રણછોડજી મંદિરના ટ્રસ્ટી ભરતભાઈ ખંભોળજા જણાવ્યા મુજબ 700 કિલો બેસન , 1400 કિલો મોરસ , 525 કિલો ઘી , 100 ગ્રામ કેસર સહિતની ચીજવસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે.આખા દિવસની સામગ્રી રણછોડરાય મંદિરમાં ધરાવવામાં આવશે. તે બધી જ સામગ્રી અન્નકૂટમાં પધરાવવામાં આવે છે. સૌથી વધારે બુંદીપ્રસાદ બનાવવામાં આવે છે . લીલા ફળફળાદી અન્નકુટમાં પધરાવવામાં આવે છે.

આણંદમાં ટ્રક - કાર વચ્ચે અકસ્માતમાં વૃદ્ધનું મોત

વડોદરાથી અમદાવાદ તરફ જતા એક્સપ્રેસ હાઈવે પર સામરખા નજીક અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) આણંદ તા.30

આણંદ પાસેથી પસાર થતાં વડોદરાથી અમદાવાદ તરફ જતા એક્સપ્રેસ હાઈવે પર સામરખા પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં કાર સવાર વૃદ્ધનું મોત નિપજ્યું હતું. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

બોરસદ તાલુકાના કસુંબાડ ગામમાં રહેતા અને મુળ પંચમહાલના ધારાપુર ગામના વતની શિલ્પાબહેન મદનસિંહ ગોહિલના પતિ અમદાવાદ ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. જોકે, મદનસિંહની તબિયત સારી રહેતી ન હોવાથી છેલ્લા બે મહિનાથી શિલ્પાબહેન પરિવાર સાથે તેમના પિતા નરવતસિંહ સામતસિંહ રાઠોડ સાથે રહે છે. દરમિયાનમાં 29મી ઓક્ટોબર,2024ના રોજ નવેક વાગે શિલ્પાબહેન તેમના પિતા નરવતસિંહ સાથે અમદાવાદ રહેતા ફઈ સરોજબહેનના ઘરે જવાનું હોવાથી સામરખા ગામ પાસે એક્સપ્રેસ વે પર વાહનની રાહમાં હતાં. આ સમયે કાર નં.જીજે 6 ઈડી 9464માં વડોદરા તરફથી આવતાં તેમાં શિલ્પાબહેન બેસવા જઈ રહ્યાં હતાં. આ દરમિયાન ગાડી ઉભી હતી તે વખતે પાછળથી એક વાહન પુરપાટ ઝડપે ધસી આવી હતી અને કારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં આજુબાજુમાં ઉભેલા માણસો અને ગાડીમાંથી બહાર નિકળેલા સૌ કોઇ હડફેટે ચડી જતાં નાની મોટી ઇજા પહોંચી હતી. જ્યારે નરવતસિંહ સોમસિંહ રાઠોડને ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં સ્થિતિ ગંભીર જણાતાં તેમને કરમસદ ખસેડવામાં આવ્યાં હતાં. પરંતુ ફરજ પરના ડોક્ટરે તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. આ અંગે શિલ્પાબહેન ગોહિલે આણંદ ગ્રામ્ય પોલીસ મથકે ટ્રક નં.એમએચ 04 એલઇ 9950ના ચાલક સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અકસ્માતના પગલે અફડા તફડી મચી હતી.



દિવાળી અને નવું વર્ષ, આપ સહુ માટે આરોગ્યમય, ઉર્જાથી ભરપૂર અને સુખમય રહે એવી અનેક શુભેચ્છાઓ.
સ્વાસ્થ્ય અને સુખાકારીના સમન્વયથી આપનું જીવન સમૃદ્ધ રહે.

તહેવારના દિવસોમાં અમારી ઈમર્જન્સી સેવાઓ ચોવીસ કલાક ચાલુ રહેશે.

ગત વર્ષની સોનેરી સિદ્ધિઓ

- નવા પેટ સીટી સ્કેનનું લોકાર્પણ
- વિદ્યાર્થીઓ માટે અદ્યતન સિમ્યુલેશન સેન્ટર
- નવી નર્સિંગ કૉલેજના નિર્માણનો પ્રારંભ
- આયુષ્માન યોજનામાં ઑપરેશન વગર થતી સારવાર નિઃશુલ્ક

Bhaikaka University
Instilling Purpose in Healthcare
Charutar Arogya Mandal, Karamsad

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, ગોકલનગર, કરમસદ, જિ. આણંદ
ફોનઃ ૦૨૬૯૨ – ૨૨૮૪૧૧–૧૨
ટ્રોમા હેલ્પ લાઈનઃ ૦૨૬૯૨ – ૨૨૮૧૦૦